BAPS PRAMUKH ACADEMY
Nr. BAPS Shastriji Maharaj Hospital,
Shastri Yagnapurush Marg, Atladara-Vadodara-390012.
B. A. P. S. VISION, Registration No. E/21516/Ahmedabad

# PRASTHAN 1.0

## PRASTHAN 1.0 - પ્રાથમિક પરિચય

PRASTHAN (**P**ramukh **A**dmissions cum **S**cholarship **T**est with **H**olistic **A**ptitude **N**otions) એ પ્રમુખ અકેડમી દ્વારા યોજવામાં આવતી **Admission cum Scholarship Test** છે. જેનો મુખ્ય હેતુ અભ્યર્થીઓનું સામાન્ય જ્ઞાન, વિવિધ કૌશલ્ય, અને અભિવૃત્તિ-ક્ષમતા (aptitude) ચકાસવાનો રહેશે. તે દ્વારા સ્પર્ધાત્મક સિવિલ સર્વિસ પરીક્ષાઓ માટેની એકંદર યોગ્યતાનું મૂલ્યાંકન કરી ટોપર્સને રોકડ પુરસ્કારથી અને પ્રવેશ પ્રાપ્ત કરતાં તમામ અભ્યર્થીઓને શિષ્યવૃત્તિથી નવાજવામાં આવે છે.

GPSC/GSSSB/GPSSB દ્વારા લેવાતી ગુજરાત સરકારની સુપરક્લાસ-૩ અને ક્લાસ-૩ પોસ્ટની ભરતી-પ્રક્રિયા કરવા માટે થતી સ્પર્ધાત્મક પરીક્ષાઓની પૂર્વતૈયારી માટે **પ્રમુખ એકેડમી દ્વારા 'કર્મયોગી' બેચ** ચલાવવામાં આવે છે. PRASTHAN-1.0 એ કર્મયોગી બેચમાં સ્કૉલરશિપ સાથે પ્રવેશ માટે લેવામાં આવતી ગુજરાત સ્તરની મૂલ્યાંકન કસોટી રહેશે, જેમાં ટૉપ આવનાર અભ્યર્થીઓને ધારાધોરણ અનુસાર રોકડ પુરસ્કાર અને પ્રવેશ પ્રાપ્ત કરનાર તમામ અભ્યર્થીઓને સ્કૉલરશિપ આપવામાં આવશે. આ ઓનલાઈન પરીક્ષામાં ક્લાસ-૩ પરીક્ષા માટે અભ્યર્થીની સજ્જતાનું પણ ઓલ ગુજરાત રેન્ક દ્વારા સ્પર્ધાત્મક મૂલ્યાંકન થશે.

## પ્રસ્થાન - પ્રવેશ પરીક્ષાનો અભ્યાસક્રમ - પરીક્ષા પદ્ધતિ

૧૮ વર્ષથી ઉપરના કોઈપણ ઉમેદવાર આ પ્રસ્થાન - સ્કોલરશીપ કમ એડમિશન ટેસ્ટ માટે અરજી કરી શકે છે.

- કુલ પ્રશ્નો: ૫૦ મલ્ટિપલ-ચોઇસ પ્રશ્નો
- કુલ માર્ક્સ: ૧૦૦
- માર્કિંગ સ્કીમ: સાચા જવાબ પર +૨, ખોટા જવાબ પર -૦.૨૫
- ભાષા: ગુજરાતી
- પરીક્ષા મોડ: ઓનલાઇન (*AI* પ્રોક્ટરિંગ સાથે) અથવા *CBT* સેન્ટર (અટલાદરા, વડોદરા)
- કુલ સમયગાળો: ૯૦ મિનિટ (૧.૫ કલાક)

## અભ્યાસક્રમ

| Section (વિભાગ) | Topics Covered (આવરી લેવાયેલા વિષયો) | Questions (પ્રશ્નો) | Marks (ગુણ) |
|---|---|---|---|
| General Awareness (સામાન્ય જાગૃતિ) | Static GK: India, Gujarat, Basic Science, Social Science (ભારત, ગુજરાત,બેઝિક વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન સંબંધીત સામાન્ય જ્ઞાન) | 15 | 30 |
| Reasoning Ability (તાર્કિક-ક્ષમતા) | Verbal & Non-Verbal Reasoning: Series, Coding, Odd One Out, Pattern-finding (શ્રેણી, કોડિંગ, અલગ તારવો, પેટર્ન-શોધ). | 15 | 30 |
| Quantitative Aptitude (ગાણિતિક યોગ્યતા) | Basic Maths: Arithmetic, Data Interpretation, Simple Calculation (અંકગણિત, આંકડાકીય વિશ્લેષણ, સરળ ગણતરી) | 10 | 20 |
| Comprehension (સમજણ કૌશલ્ય) | 1 Passage (Gujarati or English): Questions on understanding (૧ ગદ્યખંડ-ગુજરાતી અથવા અંગ્રેજી: સમજ આધારિત પ્રશ્નો.) | 5 | 10 |
| Situation/Case-based (પરિસ્થિતિ-આધારિત સમસ્યા નિરાકરણ) | Practical decisions/testing presence of mind (2-3 scenarios) (વ્યવહારુ નિર્ણય / મનની સતર્કતાની તપાસ (૨-૩ પરિસ્થિતિઓ). | 5 | 10 |
| Total | | 50 | 100 |

## પ્રસ્થાન-પરીક્ષા પદ્ધતિઓ :

| પદ્ધતિઓ | સ્થાન | ફીચર્સ | કોના માટે શ્રેષ્ઠ |
|---|---|---|---|
| Online | તમારું ઘર/કોઈપણ સ્થળ | AI પ્રોક્ટરિંગ, Webcam મોનિટરિંગ, સુરક્ષિત પ્લેટફોર્મ, ટેકનિકલ સપોર્ટ | કામકાજ કરતા વ્યકિત, વિવિધ શહેરોમાં રહી ઘરેથી પરીક્ષા આપવા ઇચ્છુક અભ્યર્થીઓ, વર્ગ-૩ની તૈયારી કરતાં અભ્યર્થીઓ, ગુજરાત સ્તરીય સ્પર્ધાત્મક પરીક્ષામાં પોતાની તૈયારી ચકાસવા માંગતા ઉમેદવારો |
| Offline CBT Centre | Atladara, Vadodara | કમ્પ્યુટર આધારિત પરીક્ષા, સ્પર્ધાત્મક વાતાવરણ, ઇન્વિજિલેટર, ટેકનિકલ સપોર્ટ | વડોદરા અને આસપાસના સ્થાનિક ઉમેદવારો, પ્રથમ વખત આ પ્રકારે પરીક્ષા આપનારા, ક્લાસરૂમ મોડમાં એડમિશન પ્રાપ્ત કરવા ઇચ્છુક અભ્યર્થીઓ |

## PRASTHAN 1.0 પ્રવેશ પરીક્ષા અરજી માટેની સૂચના

- https://pramukh.academy/prasthan-karmyogi/ - આ લીંક રજીસ્ટ્રેશન બટન પર ક્લિક કરીને ફોર્મમાં માંગેલ માહિતી સચોટ રીતે ભરવી. વેબસાઈટ પર આપેલ તમામ પ્રકારની શરતો (Terms and Conditioins)નું વાંચન કર્યા બાદ જ ઓનલાઈન રજીસ્ટ્રેશન ફી ₹૨૦૦/- પ્રમાણે ભરવી.
- આપના રજિસ્ટર્ડ ઈ- મેઈલ એડ્રેસ ઉપર કન્ફર્મેશન લેટર પ્રાપ્ત થશે.
- તમારે તમારો મોબાઇલ નંબર અને ઈમેલ આઈડી અથવા તમારા માતા-પિતા/વાલીનો મોબાઇલ નંબર અને ઈમેલ આઈડી પ્રદાન કરવો આવશ્યક છે.
- પરિણામો અને તમામ સંદેશાવ્યવહાર એસએમએસ (SMS), ઈમેલ અથવા પુશ નોટિફિકેશન દ્વારા મોકલવામાં આવશે. જો તમે તમારા નોંધણી ફોર્મમાં ખોટી અથવા જૂની સંપર્ક વિગતો આપી હશે, જેના કારણે માહિતી તમારા સુધી નહીં પહોંચે, તો તે માટે પ્રમુખ એકેડેમી જવાબદાર રહેશે નહીં.

## PRASTHAN 1.0 પ્રવેશ પરીક્ષા માટે સંભવિત સમય

- જાહેરાત કર્યાની તારીખ: **૨૯ ઑક્ટોબર ૨૦૨૫**
- **૨૫/૧૧/૨૦૨૫** સુધી અરજીઓ સ્વીકારવામાં આવશે.
- PRASTHAN 1.0 પરીક્ષા ૩૦ નવેમ્બર, ૨૦૨૫ ના રોજ યોજાશે.
- PRASTHAN 1.0 પરિણામ (All Gujarat PRASTHAN Rank + Cash Reward Eligibility) **૦૫ ડિસેમ્બર, ૨૦૨૫** સુધી જાહેર થશે. પરિણામો www.pramukh.academy વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવશે, જેમાં અભ્યર્થીઓના નામ, PRASTHAN 1.0 પરીક્ષાના પ્રસ્થાન-રેન્ક, પર્સન્ટાઇલ સ્કોર્સ અને તાત્કાલિક રોકડ પુરસ્કારની પાત્રતા દર્શાવવામાં આવશે.
- કર્મયોગી બેચમાં એડમિશન માટે વ્યક્તિત્વ-ચકાસણી કસોટી : ડીસેમ્બર દ્વિતીય-તૃતીય સપ્તાહ
- પ્રમખુ કર્મયોગી પ્રશિક્ષણ બેચનો પ્રારંભ : જાન્યુઆરી પ્રથમ સપ્તાહ

## પરીક્ષા સંચાલન અને નિયમો (Test Rules & Examination Conduct)

- નોંધણી ફોર્મમાં જરૂરી તમામ વિગતો સંપૂર્ણ અને સચોટ રીતે ભરવી આવશ્યક છે. અધૂરી, ખોટી, ડુપ્લિકેટ અથવા બહુવિધ નોંધણીઓ કોઈ પણ સૂચના વિના નામંજૂર અને રદ્દ ગણવામાં આવશે.
- Online પરીક્ષા સમયે **Stable Internet, Proper Device (Laptop / Desktop / Smartphone) અને Silent Environment** ઉપલબ્ધ રાખવું ઉમેદવારની વ્યક્તિગત જવાબદારી રહેશે. અભ્યર્થીની વ્યક્તિગત Internet, Device, Time, Technical Issue માટે પ્રમુખ અકેડમી **કોઈપણ જવાબદારી નહીં રહે.**

- અભ્યર્થીને અયોગ્ય માધ્યમો (unfair means), બાહ્ય મદદ, ઢોંગ (impersonation), અથવા છેતરપિંડી માટેના સોફ્ટવેર (cheating software) નો કોઈપણ ઉપયોગ કરવાથી તાત્કાલિક ગેરલાયક ઠેરવવામાં આવશે અને તેના પર અકેડમીના તમામ કાર્યક્રમોમાંથી કાયમી પ્રતિબંધ મૂકવામાં આવશે.
- પ્રમુખ અકેડમીને **પરીક્ષા દરમિયાન અથવા પછી અભ્યર્થીએ કરેલ ગેરરીતિના યોગ્ય પુરાવા મળ્યા બાદ Result / Rank / Cash Reward / Scholarship તરત રદ્દ કરવાનો પૂર્ણ અધિકાર રહેશે.**

## Cash Prize - PRASTHAN 1.0 પરીક્ષાના પ્રદર્શનના આધારે

રોકડ-પુરસ્કારો PRASTHAN 1.0 પરીક્ષા પૂર્ણ થતાંની સાથે જ નક્કી કરવામાં આવે છે અને તે ફક્ત તમારી ઓનલાઈન પરીક્ષાના સ્કોર અને તેના પરિણામસ્વરૂપ મળેલા અખિલ ગુજરાતીય પ્રસ્થાન-રેન્ક (All Gujarat Rank) પર આધારિત હશે. રોકડ પુરસ્કારોની જાહેરાત તમારા PRASTHAN 1.0 પરીક્ષાના પરિણામો સાથે જ કરવામાં આવશે. રોકડ-પુરસ્કાર માટે એકેડેમીમાં એડમીશન મેળવવું ફરજિયાત નથી. આ **રોકડ પુરસ્કારો** માત્ર PRASTHAN 1.0 પરીક્ષાના ટોચના **૫૦ રેન્કર્સ** ને જ ચૂકવવામાં આવશે.

- રેન્ક ૧: પરિણામ જાહેર થતાંની સાથે જ ₹૧૧,૦૦૦ નો રોકડ પુરસ્કાર.
- રેન્ક ૨ થી ૫: દરેકને પરિણામ જાહેર થતાંની સાથે જ ₹૭,૫૦૦ નો રોકડ પુરસ્કાર.
- રેન્ક ૬ થી ૧૫: દરેકને પરિણામ જાહેર થતાંની સાથે જ ₹૨,૦૦૦ નો રોકડ પુરસ્કાર.
- રેન્ક ૧૬ થી ૨૫: દરેકને પરિણામ જાહેર થતાંની સાથે જ ₹૧,૦૦૦ નો રોકડ પુરસ્કાર.
- રેન્ક ૨૬ થી ૫૦: દરેકને પરિણામ જાહેર થતાંની સાથે જ ₹૭૫૦ નો રોકડ પુરસ્કાર.
- રેન્ક ૫૧ અને તેથી વધુ રેન્ક ધરાવતા અભ્યર્થીઓને કોઈ રોકડ પુરસ્કાર મળશે નહીં.

## એડમિશન માટેની પ્રક્રિયા : વ્યક્તિત્વ-ચકાસણી કસોટી

**PRASTHAN 1.0 પરીક્ષાના પરિણામો જાહેર થયા પછી,** પરીક્ષાના પરિણામના આધારે અભ્યર્થીઓનુ વ્યાપક મૂલ્યાંકન **વ્યક્તિત્વ-ચકાસણી કસોટી** દ્વારા કરવામાં આવશે. જેમાં અભ્યર્થીનું **Communication, Commitment, Purpose, Integrity, Emotional Stability, Civil Service Mindset** વગેરે દ્વારા દરેક ઉમેદવારનું સર્વાંગી આકલન (Overall Holistic Assessment) શામેલ હશે.

વ્યક્તિત્વ-ચકાસણી કસોટી દરમિયાન **નીચેના પરિબળો ધ્યાનમાં રાખવામાં આવશે**:

- **Academic Background & Dedication**
- **Civil Service Orientation & Aptitude**
- **Value Alignment & Behavioural Maturity**
- **Cultural Orientation (especially for Residential Mode of Learning)**

પ્રમુખ અકેડમી **ભારતીય સનાતન સાંસ્કૃતિક મૂલ્યો** સાથે કાર્યરત છે. જેમાં નિયમિત પ્રાર્થના, શાસ્ત્ર આધારિત કથાવાર્તા, સંયમ આધારિત સંસ્કારોને પ્રાધાન્ય આપવામાં આવે છે. જેથી વ્યક્તિગત મૂલ્યાંકનમાં તેમના પ્રત્યેની રુચિ અને શ્રદ્ધાને પણ સામેલ કરવામાં આવે છે.

પસંદગી પામેલ અભ્યર્થીઓની યાદી **ડિસેમ્બર, ૨૦૨૫ના દ્વિતીય-તૃતીય સપ્તાહ સુધી** જાહેર કરવામાં આવશે. પસંદગી પામેલ અભ્યર્થીઓને પ્રમુખ અકેડેમમીની GPSC CLASS-3 **માસ્ટર બેચ (કર્મયોગી બેચ)માં પ્રવેશ પ્રાપ્ત થશે, જેનો પ્રારંભ જાન્યુઆરી, ૨૦૨૬ પ્રથમ સપ્તાહમાં થશે.**

જે અભ્યર્થીઓને વ્યક્તિત્વ-ચકાસણી કસોટીમાંથી પ્રવેશ માટે પસંદ કરવામાં આવશે, તેઓને કોર્સ-ફીઝમાં પ્રસ્થાન-રેંકના આધારે શિષ્યવૃત્તિ આપવામાં આવશે. (જે પ્રાપ્ત કરેલ કોર્સની ફીઝમાં ડીસ્કાઉન્ટ સ્વરૂપે હશે.) તમામ શિષ્યવૃત્તિ એવોર્ડ્સની જાહેરાત વ્યક્તિત્વ-ચકાસણી કસોટીની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થયા પછી કરવામાં આવશે. એ સંભવિત છે કે કોઈ અભ્યર્થીને PRASTHAN 1.0 પરીક્ષાના પ્રદર્શનના આધારે રોકડ પુરસ્કાર મળે, પરંતુ અભ્યાસ માટેની શિષ્યવૃત્તિ તો પ્રવેશ-પ્રાપ્ત કરનાર અભ્યર્થીને જ મળશે.

## પ્રમુખ કર્મયોગી પ્રશિક્ષણ બેચ

પ્રમુખ એકેડેમી દ્વારા સંચાલિત પ્રમુખ **કર્મયોગી** પ્રશિક્ષણ બેચમાં GPSC/GSSSB/GPSSB દ્વારા લેવાતી ગુજરાત સરકારની સુપરક્લાસ-૩ અને ક્લાસ-૩ માટેની ભરતી માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓની પ્રિલિમ્સ તેમજ મેન્સની સંપૂર્ણ તૈયારી માટેના તમામ પાસાંઓ અંગે વ્યાપક પૂર્વતૈયારી **ગુજરાતી ભાષામાં** કરાવવામાં આવશે.

ઉમેદવારોને સ્પર્ધાત્મક પરીક્ષામાં સફળતા મળે તે સુનિશ્ચિત કરવા માટે નિયમિત વર્ગો ઉપરાંત વ્યક્તિગત મેન્ટરશીપ, નિયમિત ક્લાસ-ટેસ્ટ, સબ્જેક્ટ ટેસ્ટ, રીવીઝન ટેસ્ટ વગેરે દ્વારા અભ્યર્થીને માર્ગદર્શન, મૂલ્યાંકન અને પ્રશિક્ષણ પ્રાપ્ત થશે. તદુપરાંત નિષ્ણાતોની દેખરેખ હેઠળ નોટ્સ-મેકિંગ, ન્યુઝ-પેપર રીડીંગ, આન્સર-રાઈટીંગ કૌશલ્ય જેવા આવશ્યક વિષયો પર સત્રો, વર્કશોપ, સેમિનારો દ્વારા ઉમેદવારોને સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉત્કૃષ્ટ પરિણામ માટે તૈયાર કરાશે. વર્ગખંડના તમામ શિક્ષણ સત્રો વડોદરા-અટલાદરામાં 'પ્રમુખ કર્મયોગી પ્રશિક્ષણ' કેન્દ્ર ખાતે યોજવામાં આવશે.

આ બેચમાં ત્રણ પ્રકારની પ્રશિક્ષણ-પદ્ધતિ છે. ૧) Residential Mode - રહેણાંક અભ્યર્થીઓને શૈક્ષણિક અભ્યાસની સાથે રહેવા-જમવાની સુવિધાઓ મળશે. ૨) Classroom Mode – વર્ગખંડના અભ્યર્થીઓ વર્ગોમાં રૂબરૂ આવીને પ્રશિક્ષણ પ્રાપ્ત કરશે અને ૩) Online Mode - ઓનલાઈન અભ્યર્થીઓ પ્રમુખ અકેડમી એપ્લિકેશન દ્વારા અભ્યાસ પ્રાપ્ત કરશે.

## ❖ જીપીએસસી ક્લાસ-૩ માસ્ટર બેચ-૨૦૨૫ (કર્મયોગીબેચ) - પ્રશિક્ષણની વિશેષતાઓ:

1. નિષ્ણાત શિક્ષકો પાસેથી અભ્યાસ
2. તૈયારીમાં નિપુણતા માટે વ્યક્તિગત મેન્ટોરશીપ
3. ઈન્ટરેક્ટિવ શિક્ષણ વ્યવસ્થા
4. સર્વાંગી તૈયારી માટે સ્માર્ટ સ્ટડી પ્લાન
5. નિયમિત પ્રેક્ટિસ ટેસ્ટ અને પરીક્ષાઓ
6. પ્રિલિમ્સ અને મેઈન્સ માટે સંકલિત તૈયારી
7. નિયમિત થતું પ્રોગ્રેસ-ટ્રેકીંગ
8. ઉચ્ચ-ગુણવત્તાવાળું ઇ-મટીરીયલ
9. આન્સર રાઈટીંગ કૌશલ્ય વિકાસ
10. મૂળભૂત જરૂરી કૌશલ્યો માટે નિષ્ણાત-સત્રો
11. વ્યક્તિત્વ વિકાસ સત્રો
12. કરંટ અફેર્સનું વિશ્લેષણ અને અપડેટ્સ
13. નિયમિત ડાઉટ સોલ્વિંગ સત્રો
14. ૧૮૦ દિવસમાં સંપૂર્ણ સિલેબસ સમયસર પૂર્ણ

## કર્મયોગી બેચનું વાસ્તવિક મૂલ્ય અને અભ્યર્થીએ ભરવાનું અંતિમ મૂલ્ય (ટોકન ફીઝ)

પ્રમુખ અકેડમી ઉચ્ચ ગુણવત્તાયુક્ત અને મૂલ્યનિષ્ઠ શિક્ષણ પ્રદાન કરવાના ઉદેશ્ય સાથે કટિબદ્ધ છે. અકેડમી અભ્યર્થીઓને શૈક્ષણિક અને અન્ય અનેકવિધ સુવિધાઓ પ્રાપ્ત થાય તે હેતુસર અનેક પ્રકારનો ખર્ચ કરે છે. જેમ કે, શ્રેષ્ઠ ફેકલ્ટીઝ, મેન્ટર અને કર્મચારીઓના પગાર, ક્લાસરૂમ્સ, રીડિંગ હોલ, લાઈબ્રેરી, પુસ્તકો જેવી અનેકવિધ સુવિધાઓનો ખર્ચ; અભ્યાસ માટે જરૂરી ટેસ્ટ સિરીઝ, સ્ટડી-મટેરિયલ; લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ, સોફ્ટવેર-હાર્ડવેર, વૅબસાઈટ વગેરે ટૅકનોલૉજીકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે ખર્ચ; ઉપરાંત રહેઠાણ અને જમવાના ખર્ચ સાથે ઓવરહેડ અને વહીવટી ખર્ચ, ઈત્યાદિ.

પરંતુ, મૂલ્ય આધારિત શિક્ષણ દ્વારા રાષ્ટ્રીય વિકાસના ધ્યેયને અનુરૂપ, બી.એ.પી.એસ. વિઝન ટ્રસ્ટનો નિર્ધાર છે કે **ઉપરોક્ત ખર્ચનો મોટો ભાગ ટ્રસ્ટ ઊઠાવશે**, જેથી દરેક આર્થિક-સ્તરના અભ્યર્થીઓને પોતાના પ્રશિક્ષણ માટે નજીવા ખર્ચનું ભારણ ઊઠાવવું પડે, જેથી કોઈપણ અભ્યર્થી શીખવાની અને વિકાસ કરવાની તકથી વંચીત ના રહી જાય. તે માટે જ **'બી.એ.પી.એસ. વિઝન ટ્રસ્ટ' દ્વારા મોટી માત્રામાં સ્કોલરશીપ (શિષ્યવૃત્તિ)નું આયોજન** થયું છે. ટ્રસ્ટ દ્વારા અભ્યર્થીઓના શિક્ષણ, વિકાસ અને વ્યક્તિત્વ નિર્માણમાં ખૂબ મોટું રોકાણ છે, જે રાષ્ટ્રની પ્રગતિમાં ઉદાત યોગદાન છે.

અકેડમી અભ્યર્થીની આર્થિક પરિસ્થિતિને ધ્યાને લઈ દરેકને પરવડે તેવી સાધારણ કિંમતે અભ્યર્થીઓને ઉચ્ચત્તમ ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવાનું લક્ષ્ય રાખે છે, જેથી કોઈપણ અભ્યર્થી શીખવાની અને વિકાસ કરવાની તકથી વંચીત ના રહી જાય. શિષ્યવૃત્તિને પાત્ર તમામ અભ્યર્થીઓએ મળવાપાત્ર **શિષ્યવૃત્તિને વાસ્તવિક મૂલ્યમાંથી બાદ કરતાં વધેલ રકમ ટોકન ફીઝરૂપે** ભરવાની રહેશે. આ ટોકન ફીઝ **બિન-રિફંડપાત્ર** રહેશે.

| પ્રમુખ કર્મયોગી પ્રશિક્ષણ – પદ્ધતિ, સુવિધાઓ, વાસ્તવિક મૂલ્ય | | |
|---|---|---|
| **શિક્ષણની પદ્ધતિ (Mode of Learning)** | **કર્મયોગી પ્રોગ્રામનું વાસ્તવિક મૂલ્ય – અભ્યર્થીદીઠ ખર્ચ (Actual Program Value)** | **અંતર્ગત બાબતો (સુવિધાઓ)** |
| રેસીડેન્શીઅલ મોડ | રૂ. ૭૦,૦૦૦/- | ૧) **વર્ગખંડ અભ્યાસ** (પ્રિલિમ્સ-મેઈન્સનો સંપૂર્ણ અભ્યાસક્રમ), શ્રેષ્ઠ અધ્યાપકો, ટેસ્ટ-સિરીઝ, વાતાનુકૂલિત સ્માર્ટ વર્ગખંડ, આરામદાયક ડેસ્ક વગેરે<br>૨) **ગ્રંથાલય અને રીડીંગરૂમની સુવિધા** (મેગેઝીન્સ-સમાચારપત્રો, સંદર્ભ પુસ્તકો સહિત)<br>૩) **પ્રિલિમ્સ અને મુખ્ય પરીક્ષાના અનેકવિધ પરીક્ષાઓની પ્રેક્ટીસ** - વિશ્લેષણ સહિત<br>૪) **વ્યક્તિગત મેન્ટોરશીપ** - સતત પ્રગતિનું નિરીક્ષણ<br>૫) **રહેઠાણ** (તમામ સુવિધાઓ સહિત)<br>૬) **ભોજન** (પૌષ્ટિક અને સાત્ત્વિક) |
| ક્લાસરૂમ મોડ | રૂ. ૫૦,૦૦૦/- | ૧) **વર્ગખંડ અભ્યાસ** (પ્રિલિમ્સ-મેઈન્સનો સંપૂર્ણ અભ્યાસક્રમ), શ્રેષ્ઠ અધ્યાપકો, ટેસ્ટ-સિરીઝ, વાતાનુકૂલિત સ્માર્ટ વર્ગખંડ, આરામદાયક ડેસ્ક વગેરે<br>૨) **અભ્યાસ માર્ગદર્શન અને સંચાલન પ્રણાલી (**લાઈવ લેક્ચર, મોબાઈલ એપ, રેકોર્ડેડ કન્ટેન્ટ, ટેસ્ટ અપડેટ્સ ટેલિગ્રામ દ્વારા, વગેરે.)<br>૩) **લર્નિંગ એન્હાન્સમેન્ટ પ્રોગ્રામ-LEP** (Success Stories, સોફ્ટ સ્કિલ્સ ડેવલપમેન્ટ, પૂર્વઅભ્યર્થીઓનો ઈનપુટ, મેન્ટલ વેલનેસસ સેશન, વગેરે.)<br>૪) **ગ્રંથાલય સુવિધા (**વર્તમાન પ્રવાહો માટે મેગેજીન અને સમાચાર પત્રો, વિષયવાર સંદર્ભ ગ્રંથો, સ્પર્ધાત્મક પરીક્ષાલક્ષી પુસ્તકો)<br>૫) **પ્રિલિમ્સ અને મુખ્ય પરીક્ષાના અનેકવિધ પરીક્ષાઓની પ્રેક્ટીસ** - વિશ્લેષણ સહિત<br>**૬) વ્યકિતગત મેન્ટોરશીપ** - સતત પ્રગતિનું નિરીક્ષણ |
| ઑનલાઈન મોડ | રૂ.૨૦,૦૦૦/- | ૧) **ઓનલાઈન વિષય શિક્ષણ (***પ્રિલિમ્સ અને મેઈન્સનો સંપૂર્ણ અભ્યાસક્રમ આવરી લેતા શ્રેષ્ઠ ફેકલ્ટી, સ્ટડી મટીરિયલ, સમર્પિત લર્નિંગ એપ્લિકેશન અને પ્રેક્ટિસ ટેસ્ટ સાથે.***)**<br>**૨) પ્રિલિમ્સ મોક ટેસ્ટ (**વિગતવાર વિશ્લેષણ સાથે વિષયવાર, પુનરાવર્તન અને ફૂલ લેન્થ ટેસ્ટ સિરીઝ)<br>૩) **મુખ્ય પરીક્ષા મોક ટેસ્ટ (**વિષયવાર જવાબ લેખન પ્રેક્ટિસ, પુનરાવર્તન કસોટીઓ, અને વિશ્લેષણ સાથેની ફૂલ લેન્થ ટેસ્ટ સિરીઝ)<br>**૪) ઓનલાઈન મેન્ટોરશીપ (**વ્યક્તિગત માર્ગદર્શન, સતત પ્રગતિનું નિરીક્ષણ**)** |

## શિષ્યવૃત્તિ (સ્કોલરશીપ)ની ગણતરી :

વ્યક્તિત્વ-ચકાસણી કસોટીમાં પસંદગી પામેલ અભ્યર્થીઓમાંથી **અકેડેમીમાં પ્રવેશ પ્રાપ્ત કરતાં અભ્યર્થીઓને** PRASTHAN 1.0 કસોટીમાં મેળવેલ **પ્રસ્થાન-રેન્ક અનુસાર સ્કોલરશીપ** નીચે અનુસાર મળવાપાત્ર રહેશે.

| **પ્રસ્થાન-રેન્ક** | **સ્કોલરશીપ (તમામ લર્નિંગ મોડમાં સમાન રીતે લાગુ)** |
|---|---|
| ૧ | ૧૦૦ % |
| ૨ | ૯૫ % |
| ૩ | ૯૦ % |
| ૪ | ૮૫ % |
| ૫ | ૮૦ % |
| ૬ - ૫૦ | ૭૦ % |
| ૫૧ + | ૬૦ % |

## પ્રવેશ પ્રાપ્ત કરનાર અભ્યર્થીએ ભરવાની ટોકન ફીઝની ગણતરી :

તમામ અભ્યર્થીઓએ મળવાપાત્ર શિષ્યવૃત્તિને પોતાને **જે મોડમાં પ્રવેશ પ્રાપ્ત થયો છે**, તેના **વાસ્તવિક મૂલ્ય (ઉપરોક્ત કોષ્ટક અનુસાર)માંથી શિષ્યવૃત્તિની રકમને બાદ કરતાં વધેલ રકમ ટોકન ફીઝ** રૂપે ભરવાની રહેશે.

## સ્કોલરશીપ માપદંડ, પાત્રતા અને સમયરેખા

PRASTHAN 1.0 અંતર્ગતની શિષ્યવૃત્તિઓ (Scholarships) **ફક્ત GPSC ક્લાસ ૩ માસ્ટર બેચ (૬ માસ સુધી ચાલનાર પ્રમુખ કર્મયોગી પ્રશિક્ષણ બેચ) માટે જ** લાગુ પડશે, જે ત્રણેય લર્નિંગ મોડ્સમાં ઉપલબ્ધ છે: રેસિડેન્શિયલ લર્નિંગ, ક્લાસરૂમ લર્નિંગ, અને ઓનલાઈન લર્નિંગ. પસંદગી પામેલા અભ્યર્થીઓને **જાન્યુઆરી ૨૦૨૬ થી શરૂ થતી આ બેચ માટે** ૬૦% થી ૧૦૦% સુધીના શિષ્યવૃત્તિ ડિસ્કાઉન્ટ મળશે.

જે અભ્યર્થીઓને વ્યક્તિત્વ-ચકાસણી કસોટીમાંથી પ્રવેશ માટે પસંદ કરવામાં આવશે, તેઓને કોર્સ-ફીઝમાં પ્રસ્થાન-રેંકના આધારે શિષ્યવૃત્તિ આપવામાં આવશે. (જે પ્રાપ્ત કરેલ કોર્સની ફીઝમાં ડીસ્કાઉન્ટ સ્વરૂપે હશે.) તમામ શિષ્યવૃત્તિ એવોર્ડ્સની **જાહેરાત વ્યક્તિત્વ-ચકાસણી કસોટીની સંપૂર્ણ પ્રક્રિયા પૂર્ણ થયા પછી** કરવામાં આવશે.

પ્રવેશ પ્રાપ્ત કરેલ અભ્યર્થીઓની યાદી **ડિસેમ્બર, ૨૦૨૫ના દ્વિતીય-તૃતીય સપ્તાહ સુધી** જાહેર કરવામાં આવશે. પ્રવેશ પ્રાપ્ત કરનાર અભ્યર્થીએ **જાન્યુઆરી, ૨૦૨૬ પ્રથમ સપ્તાહમાં** Admission Confirm કરીને Final Payable Amount (Scholarship બાદ કરીને) ભરવી ફરજિયાત રહેશે. અભ્યર્થીને વ્યક્તિત્વ-ચકાસણી કસોટીના પરિણામ જાહેર થયા બાદ એક માસમાં Admission Confirm કરાવવું અનિવાર્ય છે, તેમ ન કરતા મળવાપાત્ર Scholarship Offer આપમેળે રદ્દ થઈ જશે. અને પ્રવેશ મેળવ્યા બાદ પણ કોઈ કારણસર **અભ્યર્થી પ્રવેશ રદ્દ કરશે, તો તેઓની સ્કોલરશીપ આપમેળે જ રદ્દ** થઈ ગણાશે.

***Disclaimer:* *જો કોઈ કારણોસર પ્રવેશ માટે આ જાહેરાતમાં ફેરફાર કરવા અથવા રદ્દ કરવા અથવા પરીક્ષા-પેટર્ન અથવા સ્થળમાં ફેરફાર કરવો જરૂરી બને, તો તમને નમ્રતાપૂર્વક જણાવવા માંગીએ છીએ કે સંસ્થા કોઈપણ અનુચિત પ્રતિબંધો વિના આમ કરવાનો અધિકાર ધરાવે છે. અમે તમારી એ સમજણ માટે આશા રાખીએ છીએ કે સંસ્થા આવા ફેરફારો માટેના કારણો પ્રદાન કરવા માટે બંધાયેલ હોઈ શકે નહીં.***

## સંપર્કની માહિતી

એડમિશન અંગેના આપના કોઈપણ પ્રકારના પ્રશ્નોના સમાધાન માટે અથવા વિશેષ માહિતી માટે અકૅડમીનો સંપર્ક ૯૯૯ ૮૯૯ ૨૮૭૬ પર કરી શકો છો.